અરવલ્લી જિલ્લામાં એટીએમ કેશલેસ

જિલ્લાના પ્રજાજનોને રઝળપાટ : મોડાસાના ૧૪ એટીએમ મશીનો ખાલીખમ : શહેરીજનો એટીએમમાંથી રૂપિયા ઉપાડવામાં ધરમધક્કા

મોડાસા, તા. ૧૨

કેન્દ્ર સરકાર દ્વારા ૮મી નવેમ્બરે જાહેર કરેલી રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટબંધીના પગલે દેશવાસીઓની હાલત કફોડી બની હતી. કેન્દ્ર સરકારે નોટબંધી અમલમાં લાવ્યા બાદ અપૂર્ણ વ્યવસ્થાના પગલે પગલે કેન્દ્ર સરકાર દ્વારા દેશવાસીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા કેશલેશ ટ્રાન્ઝેક્શન અને ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અને વિઝા કાર્ડ તેમજ ડિઝીટલ કરન્સી દ્વારા નાણાકીય વ્યવહારો પર ભાર મુકી જોરશોરથી પ્રચાર કરાઈ રહ્યો છે. કેશલેશ ટ્રાન્ઝેક્શનના બદલે અરવલ્લી જિલ્લાના તમામ એટીએમ કેશલેશ બની જતા જિલ્લાવાસીઓ છતા પૈસે રીતસરના ફાફા મારવા પડી રહ્યા છે. મોડાસા શહેરના ૧૪ એટીએમના રૂપિયા ખુટી જતા શટર પડી ગયા હતા. જિલ્લાવાસીઓ રૂપિયા મેળવવા રીતસરના એક એટીએમથી બીજા એટીએમ સુધી દોડાદોડી કરી થાકી ગયા હતા.

અરવલ્લી જિલ્લાના મોટાભાગના અને જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના ૧૪ જેટલા એ.ટી.એમ. મશીનો રવિવારની રાત્રી પછી સંપૂર્ણ કેશલેશ બની જતા લોકોની હાલાકીમાં વધારો થયો હતો. મોટા ભાગના એટીએમ મશીનના શટર ડાઉન જોવા મળવાની સાથે 'કેશ નથી'ના બોર્ડ ઝુલતા જોવા મળ્યા હતા. સતત ત્રણ દિવસ રજા હોવાથી બેંક સત્તાવાળાઓએ રૂપિયા મેળવવાના એકમાત્ર આધારરૂપ એટીએમમાં કેશ નાખવાની દરકાર કેશનો અભાવ બતાવી દરકાર નહી કરતા ભગવાન ભરોષે છોડી દેવાયેલા પ્રજાજનોની પરેશાનીમાં ભારે વધારો થયો હતો. નોટબંધી બાદ કેન્દ્ર સરકાર ડીજીટલ ટ્રાન્ઝેક્શન સિસ્ટમ અપનાવા અનુરોધ કરી રહી છે. ત્યારે કેશ વગરના એટીએમ ગ્રાહકોને કેશલેશની સ્થિતિ માટે તૈયાર કરવાની દિશાનું પ્રથમ પગથીયુ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

મોડાસા શહેર ચાર રસ્તા પર આવેલી કરન્સી સ્ટેટ બ્રાન્ચ શહેર બેંક ઓફ ઈન્ડીયાના એ.ટી.એમ.માં નાણા ખુટી જતા હોય તો જિલ્લાના બીજા વિસ્તારોમાં આવેલા એ.ટી.એમ.માં કેશ હોવાના ચાન્સીસ ખૂબ જ ઓછા રહેલા છે. મોડાસા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એ.ટી.એમ.નો ફોટો પાડવા જતા સીક્યુરીટી ગાર્ડે એટીએમનું બંધ શટર ખોલી દઈ સ્ટેટ બેંકની આબરૂ બચાવવા પ્રયત્ન કરી પ્રજાજનોની આંખોમાં ધૂળ નાખવાનુ કામ કરી રહ્યા હોય તેવો અહેસાસ ફોટોગ્રાફરને થતા તત્કાલીક એ.ટી.એમ. મશીનનું શટર સીક્યુરીટી ગાર્ડે પાડી દઈ ભુલ છુપાવવાનો પ્રયત્ન કર્યો હતો.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા બેંકોને પુરતી નવી કરન્સી અપુરતી સપ્લાયના





અરવલ્લી જિલ્લામાં ઈદે મિલાદની ઉજવણી : મુસ્લિમ બિરાદરોએ ઝુલુસ કાઢ્યું

ઈસ્લામ ધર્મના સ્થાપક અને પ્રેમ, શાંતિ એકતા ભાઈચારાનો સંદેશ આપનાર હજરત મોહમ્મદ પયંગમ્બરના જન્મ દિવસને મુસ્લિમ સમાજના લોકો ઈદે મિલાદના રૂપે મનાવતા હોય છે. અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, સાઠંબામાં દાવતે ઈસ્લામી અને મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યા હતા. આ ઝુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. ઈદ મિલાદ પહેલાની રાત્રિએ મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં વિવિધ મસ્જિદોની પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી.

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ઈદે મિલાદ અને મહમંદ પયગંબર સાહેબના જન્મદિન નિમિત્તે મુસ્લીમ બિરાદરો ધ્વારા ધામધુમથી ઉજવણી યોજાઈ હતી. સુન્ની હુસેની યંગ કમિટી, ભિલોડા, ગૌષિયા સુન્ની યંગ કમિટી-નવા વસવાટના મુસ્લીમ બિરાદરો ધ્વારા ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. મુસ્લીમ બિરાદરો ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભિલોડામાં ઠેર-ઠેર મસ્જીદો, દરગાહો અને મુસ્લીમ સમાજના બિરાદરોના મકાનો અવનવી ઝાકમઝોળ રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા. ભિલોડામાં હાથમતી નદી કિનારે યામલંગશાહ બાવા દરગાહના પટ્ટાંગણમાં ઈદે મિલાદના તહેવાર નિમિત્તે ઈદ મિલાદના તહેવાર નિમિત્તે ઉજવણીના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે સફી ઉલ્લા દરીયાઈ બાવા (પીર સાબ) ધર્મગુરૂ, ભિલોડા મુસ્લીમ સમાજના બીરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડામાં હિન્દુ-મુસ્લીમ સમાજમાં ભાઈ-ચારા, એકતાનું વાતાવરણ જોવા મળતું હતું.

પાલનપુરના સાગ્રોસણાના સમરસ ગ્રામ પંચાયત પર મહિલાઓનું રાજ

છેલ્લા ચાર ટર્મથી ગ્રામજનો પંચાયતને બિનહરીફ બનાવે છે

શિયાળા ની ઠંડી ની જોર સાથે બનાસકાંઠા જિલ્લા ગામ પંચાયત ની ચૂંટણી માં ગરમી માહોલ જામ્યો છે પંચાયત ચૂંટણી જંગ સામે ક્યાંક આખી પંચાયત બિનહરીફ થઈ ગામ ની વિકાસ યાત્રા ને આગળ લઈ જવા માટે શિક્ષિત ગામ આગેવાનો મહેનત કરી રહયા છે ત્

ગામ પંચાયત ની ચૂંટણી થી દૂર રહીને છેલ્લા ચાર ટર્મ થી પાલનપુર તાલુકા ની સાગ્રોસણા ગામ બિનહરીફ તરીકે જિલ્લા માં અગ્રેસર રહ્યું છે જિલ્લા મથક પાલનપુર થી માત્ર ૧૦ કિલો મીટર ના અંતરે આવેલું સાગ્રોસણા ગામ માં ૩૦૦૦ થી વધુ લોકો વસવાટ કરે છે આ ગામ માં છેલ્લા ચાર ટર્મ થી ગામ પંચાયત ચૂંટણી થઈ નથી ગામ ના આગેવાના પ્રયત્નો અને ગામ માં પારિવારિક ભાવના મજબૂત હોવાના લીધે ગામ ને સમરસ ગામ બનાવમાં આવે છે ગામ માં ૧૦૦ ટકા શૌચાલય ધરાવતું ગામ છે મહત્વ વાત એ છે આ વખત ની સાગ્રોસણા ગામ પંચાયત માં સંપૂર્ણ મહિલાઓની બોડી બિનહરીફ થઈ છે એટલે કે આવનાર પાંચ વર્ષ સુધી ૩૦૦૦ થી વસ્તી ધરાવતા આ ગામ માં મહિલાઓનું પંચાયત રાજ હશે સતત ચોથી વાર ગામ પંચાયત ને બિનહરીફ કરી ગામ ના લોકો એ સમરસ ગામ બનાવ્યું છે ત્યારે બિનહરીફ ગામ પંચાયત ના સભ્ય અંજુબેન જુડાલ એ વાત કરતા જણાવ્યું હતું કે અમારા ગામ પંચાયતમાં સંપૂર્ણ મહિલા બિનહરીફ થઈ છે ત્યારે ગામ ના વિકાસ સાથે બેટી બચાવો બેટી પઢાવો અભિયાન શરુ કરી ગામ લોકો જાગૃતિ કામ કરીશુ

સાગ્રોસણા ગામ માં ચૌધરી સમાજ ,પાટીદાર સમાજ સિવાય ઠાકોર સમાજનું પણ વર્ચસ્વ છે છતાં પણ પંચાયત ની ચૂંટણી ટાણે દરેક સમાજ ના લોકો સાથે મળીને ગામ ના વિકાસ માં શૂર પુરાવે છે છેલ્લા ટર્મ થી પોતાના ગામ ને સમરસ ગામ બનાવી ગામ ની એકતા બરકાર રાખી છે ગામના આગેવાનો જણાવ્યું હતું ગામ પંચાયત ચૂંટણી જંગ થી ગામ માં મતભેદ અને ગામ ભાગલા પડતા હોય છે જેથી ગામ ના લોકો માં અંદરો અંદર વિવાદ ના થાય તે માટે છેલ્લા ચાર ટર્મ થી ગામ ને સમરસ ગામ જાહેર કરી ગામ ની એકતા ને ટકાવી રાખી છે આ ગામ ખાસ વિશેષતા એ છે કે ગામ ના દરેક રસ્તાઓ પર તેમજ મકાન ની દીવાલો પર સમાજ જીવન ઉજાગર કરતા સુવિચારો ના લખાણ નજરે પડયા હતા ગામ ની સ્વચ્છ અને સુંદર તસવીરો પણ કેમેરા માં કેદ થઈ હતી સાગ્રોસણા ગામ પંચાયત બિનહરીફ થયા બાદ હવે સમરસ ગામ ની જ મહિલાઓ ગામ પંચાયત નું શાસન કરી ગામ ની વિકાસયાત્રા ને આગળ લઈ જવા માટે કટિબંધ છે.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મામાં તમાકુ વિરોધી અભિયાનનો કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા.૧૨

ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં એન.એસ.એસ.ના ઉપક્રમે તમાકુ વિરોધી અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. આજે સમાજનો યુવા વર્ગ તમાકુ, ગુટકા, બીડી-સિગારેટના વ્યસનથી મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યો છે. ત્યારે કોલેજના એન.એસ.એસ. વિભાગ અને ટોબેકો કંટ્રોલ સેલ, સાબરકાંઠા દ્વારા વિદ્યાર્થીઓ થકી જનજાગૃતિ કેળવાય તે હેતુથી વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત કોલેજના પ્રિન્સીપાલ એન.ડી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. અરુણસિંહ ભાટી (જિલ્લા રોગચાળા નિવારણ અધિકારી, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત કચેરી, હિંમતનગર) એ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન થકી વ્યસન વિશેની તલસ્પર્શી માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. તેમની સાથે શ્રી જયેશભાઈ પંડયા (આરોગ્ય શાખા-હિંમતનગર) અને શ્રી અક્ષયભાઈ પંડયા (તાલુકા હેલ્થ કચેરી, ખેડબ્રહ્મા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓની સાથે કોલેજનો સમગ્ર સ્ટાફ પણ સહભાગી બન્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન કોલેજના પ્રિન્સીપાલ એન.ડી. પટેલના માર્ગદર્શનમાં એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. હેમંત સુથારે કર્યું હતું.

પ્રાંતિજમાં ખેડૂતો સીધું પોતાનું શાકભાજી વેચી શકે તે માટેનો નુસ્ખો નિષ્ફળ

મોટાં ભાગનાં ખેડૂતો શાકભાજી લઈને આવ્યા જ નહી

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ ખેડૂતો પોતાનું તાજું શાકભાજી સીધું ગ્રાહકો ને વેચી શકે તે હેતુથી સરકાર દ્વારા નવો કિમીયો અજમાવતા આવ્યો હતો પણ પ્રાંતિજ સહિત તાલુકાના ખેડુતો પોતાનું શાકભાજી લઈને ખેડૂત ગ્રાહક બજારમાં ફરક્યા જ નહી અને શાકભાજી ખરીનાર ગ્રાહકોની પણ હાજરી જોવા મળી નહતી.

હાલ સરકાર દ્વારા ખેડૂતોના હિત માટે જુદા જુદા જિલ્લાઓમાં તાલુકા ઓમાં ખેડૂતો ને સીધું પોતાનું શાકભાજી કે ફળફળાદી વહેચી શકે તે હેતુથી જિલ્લા કલેક્ટરની સુચનાથી પ્રાંતિજ ખાતે પણ નવો અભિગમ અપનાવવામાં આવ્યો હતો. જેમાં પ્રાંતિજ શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલ ખાતે ખેડૂતો પાસેથી કોઈ પણ પ્રકારનો ચાર્જ કે ફી વસુલ કર્યા વગર શાકભાજી- ફળફળાદી વેચાણ માટે ખેડુત ગ્રાહક બજાર ઉભું કરવામાં આવ્યું હતું અને શાકભાજી ઉત્પાદન કરનાર ખેડૂતો સીધે સીધું ગ્રાહકને વેચાણ કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યું હતું અને ખેડૂતો ગ્રાહકોને સીધે સીધો ફાયદો થાય અને ગ્રાહકો ને તાજું શાકભાજી મળી રહે અને ગ્રાહકોને ૨ પથી ૩૦ ટકા જેટલો સીધે સીધો ફાયદો મળી રહે અને ખેડૂતોને પણ માર્કેટ ના વેપારીઓથી બે રૂપિયા ઉંચા મળે અને વેપારીઓને કમીશન આપવું પડે નહી તે હેતુથી ખેડૂત ગ્રાહક બજાર વ્યવસ્થા કરવામાં આવી હતી પણ મોટા ભાગનાં ખેડૂતો પોતાનું શાકભાજી લઈને આવ્યા જ નહી અને ગ્રાહકો પણ એકલ- દોકલ જોવાં મળ્યાં હતાં. ત્યારે આ કિમીયો નિષ્ફળ નિવડયો હોય તેવું જણાઈ આવ્યું હતું ત્યારે હાલતો ખેડૂતો બજાર વ્યવસ્થા વિષે હાલતો માત્ર કહેવા જ પુરતી જાહેરાત થઈ હોય તેવું જણાઈ આવે છે ત્યારે ખરેખર જાહેરાત થાય તો વેપારીઓ ગ્રાહકોનો પ્રતિસાદ મળે તેમ કહીએ તો નવાઈ નહી.

વડગામમાં જમીન મામલે દીકરીઓને માર મારતા પિતાની ફરિયાદ

સંતાન મા દીકરો ન હોઈ પિતા ત્રણ દીકરીઓને જમીન સરખે ભાગે આપવા માંગતા હતા. જો કે ફરિયાદીની જમીન પર કબજો કરવાના હેતુથી પિતરાઈઓએ ત્રણ દીકરીઓને માર માર્યો હતો.

વડગામ તાલુકાના હરદેવાસણા ગામે રહેતા એક ખેડૂત પરિવાર ની ત્રણ દીકરી ઓ ને જમીન મામલે માર મારવાને મામલે મજબુર પિતા એ વડગામ પોલીસ મથકે ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે. હરદેવાસણા ના અબ્દુલ રહેમાન ઈબ્રાહિમ ભાઈ મુખી ને સંતાન મા દીકરો ન હોઈ અને ખેતી કરી જીવન ગુજારતા ખેડૂતને સંતાનોમા ત્રણ દીકરીઓ હોવાથી અને પોતાની ઉમર થઈ હોવાથી અબ્દુલ રહેમાન મુખીએ પોતાની જમીન પોતાની ત્રણ દીકરીઓને નામે કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. બદ ઈરાદો ધરાવતા અને ઈબ્રાહીમ ભાઈની જમીન પર કબજો કરવાના હેતુથી તેમના કુટુંબી પિતરાઈ (૧) મહમદ જુબેર મહમદ તાહિર મુખી (૨) હબીબુર રહેમાન મહમદ તાહિર મુખી (૩) મહમદ સફી મહમદ તાહિર મુખી ખેતર મા આવી અને આ જમીન અમારી છે અને તમારી દીકરી ઓ ને કેમ આપો છો એમ કહી હાજર ત્રણ દીકરી ઓ ને માર માર્યો હતો જો કે પોતાની જમીન હોવા છતા પોતાની દીકરી ઓ ને સરખા ભાગે આપવાની વાત મા જમીન પચાવી પાડવાને મામલે માર મરાતાં લાચાર પિતા એ વડગામ પોલીસ મથકે ફરિયાદ કરી ન્યાય માટે આજીજી કરી છે.

કેશલેસ વ્યવહારોનું અભિયાન ઉપાડનાર સદભાવના ગ્રુપની ટીમને પ્રધાનમંત્રી દ્વારા અભિનંદન...

કેસરી સાફામાં સજ્જ થઈ ને આવેલી કેશલેશ આર્મી પ્રધાનમંત્રીની સભામાં સૌના આકર્ષણ નું કેન્દ્ર બન્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી નોટ બંધીના નિર્ણય બાદ પ્રથમ વાર ગુજરાત અને એમાં પણ બનાસકાંઠા આવવાના હોઈ તેમના આગમન ને ખરા અર્થમાં આવકારવા માટે સદભાવના ગ્રુપ પાલનપુર દ્વારા કેશલેશ વ્યવહારો અંગે પાલનપુર ની કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓને ખાસ અમદાવાદના જાણીતા ચાર્ટડ એકાઉન્ટટ દ્વારા તાલીમ આપ્યા બાદ આ વિદ્યાર્થીઓ દ્વારા પાલનપુર માં કેશલેશ વ્યવહારો અંગે વેપારી, રિક્ષાચાલકો, ટેક્ષી ડ્રાઈવરોને તાલીમ આપવામાં આવી હતી અને વ્યાપારીઓને કેશલેશ વ્યવહારોને અપનાવવાનું કહેવામાં આવ્યું હતું. આ ૧૦૦૦ યુવાનોની ટીમ માથે સાફા અને સફેદ ટીશર્ટ પહેરી નારા બોલાવતા બોલાવતા માનનીય પ્રધાનમંત્રી શ્રી ની સભામાં પહોચતા સૌ નું આકર્ષણ નું કેન્દ્ર બન્યું હતું. કેશલેશ વ્યવહારો અંગેના માર્ગદર્શન માટે કામ કરતી આ સદભાવના ગ્રુપની ટીમને પ્રધાનમન્ત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એ સૌ યુવાનોને દેશ હિતમાં બનાસકાંઠા જીલ્લમાં કેશલેશ વ્યવહારો બાબતે કામ કરવા બદલ અભીનંદન આપ્યા હતા.